# જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૧/૨૦૨૫, તા.૨૯/૧૧/૨૦૨૫

હું, શરદ સિંઘલ,IPS, i/c.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આવતીકાલ તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરમાં 'Adani Ahmedabad Marathon-2025' નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ લોકોમાં આરોગ્ય તથા તંદુરસ્તીની જાગરૂકતા લાવવા 'Adani Ahmedabad Marathon-2025' નું સાબરમતી રિવરફ્રન્ટ (પુર્વ તેમજ પશ્ચિમ) ના માર્ગ પર તથા વાડજ સ્મશાન ગૃહ કટ થઇ કાર્ગો મોટર્સ ત્રણ રસ્તા થી નવા ટીપી રોડ થઇ રાણીપ ડી-માર્ટ ચાર રસ્તાથી પ્રબોધરાવળ સર્કલથી જમણી બાજુવળી સુભાષબ્રિજ સર્કલ થઇ શિલાલેખ ચાર રસ્તા સુધીના રોડ પર આયોજન કરવામાં આવનાર હોય જે મેરેથોન દોડ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | વાડજ સ્મશાનગૃહ કટ થી પશ્ચિમનો રીવરફ્રન્ટ રોડ આંબેડકર બ્રિજ થી જમણી બાજુ વળી અંજલી ચાર રસ્તા તથા ગુજસેલ હેલીપેડ રીવરફ્રન્ટ વર્ષા ફ્લેટ સામે કટથી કામેશ્વર ટ્વીન્સ બંગ્લોઝ ચાર રસ્તા થી આંબેડકર બ્રીજ ગરનાળા થી આંબેડકર બ્રિજ નીચે રીવરફ્રન્ટ રોડ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | વાડજ સ્મશાન ગૃહ કટ થઇ વાડજ સર્કલ થઇ ઉસ્માનપુરા ચાર થઇ ઇન્કમટેક્ષ ઓવરબ્રિજ મધ્યભાગ થઇ બુદ્ધાસિંગ મહાદેવ ચાર રસ્તા થઇ ડીલાઇટ ચાર રસ્તા થઇ ટાઉનહોલ ચાર રસ્તા થઇ અંજલી ઓવરબ્રિજ થઇ મહાલક્ષ્મી ચાર રસ્તા થઇ વાહનોની અવર જવર કરી શકાશે. |
| ૨. | વાડજ સ્મશાનગૃહ કટ થી કાર્ગો મોટર્સ ત્રણ રસ્તા થી નવા ટીપી રોડ થઇ રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | વાડજ સ્મશાનગૃહ કટ થી વાડજ સર્કલ થઇ પલક ચાર રસ્તા થઇ પ્રબોધરાવળ સર્કલ તરફ વાહનોની અવર જવર કરી શકાશે. |
| ૩. | રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા થી પ્રબોધરાવળ સર્કલ થી જમણી બાજુવળી સુભાષબ્રિજ સર્કલ થઇ શિલાલેખ ચાર રસ્તા સુધીનો જમણી બાજુનો રોડ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા થી પ્રબોધરાવળ સર્કલ થી જમણી બાજુવળી સુભાષબ્રિજ સર્કલ થઇ શિલાલેખ ચાર રસ્તા સુધીના ડાબી બાજુના રોડ ઉપર વાહનોની અવર જવર કરી શકાશે. |
| ૪. | શિલાલેખ ચાર રસ્તા થી પિકનીક હાઉસ રીવરફ્રન્ટ ટી થી પુર્વના રીવરફ્રન્ટ રોડ થઇ ડફનાળા ચાર રસ્તા તથા ડફનાળા ચાર રસ્તા થી પુર્વના રીવરફ્રન્ટ રોડ થઇ | **(એ)** શિલાલેખ ચાર રસ્તા થી શાહિબાગ અંડરપાસ થઇ નાગપાલ દવાખાના થઇ ડફનાળા ચાર રસ્તા તરફ વાહનોની અવર જવર કરી શકાશે. |

| | | |
|---|---|---|
| | આંબેડકરબ્રિજ નીચે થઇ ધોબીઘાટ પુર્વના રીવરફ્રન્ટ રોડ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | **(બી)** શિલાલેખ ચાર રસ્તા થી શાહિબાગ અંડરપાસ સર્કલ થઇ નમસ્તે સર્કલ થઇ દિલ્હી દરવાજા થઇ મિરઝાપુર કોર્ટ રોડ થઇ વિજળી ઘર થઇ વિક્ટોરીયા ગાર્ડન ત્રણ રસ્તા થઇ ખમાસા ચાર રસ્તા થઇ જમાલપુર દરવાજા થઇ દાણીલીમડા ચાર રસ્તા થઇ ખોડીયારનગર ચાર રસ્તા તથા નારોલ તરફ વાહનોની અવર જવર કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૩૦/૧૧/૨૦૨૫ ના કલાક ૩.૩૦ થી ૧૨.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૨૯/૧૧/૨૦૨૫
અમદાવાદ શહેર

**( શરદ સિંઘલ )**
i/c.પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટિન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર–૧,સેકટર–૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ–૦૧ માં પ્રસિદ્ધ કરવા સારૂ. ( E-mail : gogpress-vad@gujarat.gov.in )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિદ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિદ્ધ કરવા સારૂ.